# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શતસહસ્ર પ્રણામ!

હિમાલયની ચોવીશ યાત્રાઓ થઈ છે. હિમાલય વિશે અઢાર પુસ્તકો લખાયાં છે. આ હિમાલય વિશેનું ઓગણીસમું પુસ્તક લખાયું છે.

મિત્રો અમને પૂછે છે -

"તમે હિમાલય વિશે આટલું બધું કેમ લખો છો?"

અમે શું ઉત્તર આપીએ?

પરંતુ કાંઈક ઉત્તર તો આપવો જ પડે ને!

ઉત્તર આપીએ છીએ -

"અમે હિમાલય વિશે લખતા નથી. હિમાલયદાદા અમારી પાસે લખાવે છે!"

"હિમાલયદાદા કેવી રીતે?"

"લ્યો! એટલુંય ન સમજ્યા? સાંભળો.

હિમાલય પાર્વતીજીના પિતા છે. શંકરના શ્વસુર છે. પાર્વતી હિમાલય પર્વતનાં પુત્રી છે માટે જ તેમનું નામ પાર્વતી પડ્યું છે સમજ્યા?"

"હા, થોડું સમજાય છે!"

"તો પછી કહો, હિમાલય આપણા દાદા ગણાય કે નહીં?"

"હા, બરાબર."

અમે હિમાલયમાં શિખરો સર કરવા જતાં નથી. અમે હિમાલયનાં હિલ સ્ટેશનોમાં મોજમજા કરવા જતાં નથી. અમે હિમાલયમાં જઈએ છીએ, તીર્થોમાં પ્રતિષ્ઠિત શિવ-વિષ્ણુ-જગદંબાનાં દર્શન કરવા માટે!

હિમાલયમાં તીર્થો કેટલાં? ગણ્યાં ગણાય નહીં તેટલાં! અરે! સમગ્ર હિમાલય એક વિશાળ તીર્થ જ છે, તેમ સમજો!

હિમાલયમાં અનેક અને અનેકવિધ તીર્થો છે. હિમાલય સરળતાથી પહોંચી શકાય તેવાં તીર્થો છે અને અતિ, અતિ દુર્ગમ તીર્થો પણ છે. હિમાલય ઘણાં

ગહન ગુપ્ત તીર્થો છે. અહીં આ ગ્રંથમાં આવાં ગહન તીર્થોનું કથન છે અને તદ્નુસાર આ ગ્રંથ છે - 'ગહન હિમાલય.'

હિમાલયમાં વસતાં માનવોની સંખ્યા દસ કરોડથી વધુ છે. હિમાલય ત્રણ હજાર કિલોમીટર લાંબો છે અને ત્રણસો કિલોમીટર પહોળો છે. હિમાલયમાંથી નીકળતાં પાણીનાં ઝરણાંની સંખ્યા દસ હજારથી અધિક છે. હિમાલયમાંથી નીકળતી નદીઓની સંખ્યા ત્રણસો છે. હિમાલયમાંથી નીકળતા ગરમ પાણીના સ્રોતની સંખ્યા એકસોથી વધુ છે. હિમાલયમાં કુદરતી રીતે બનેલાં સરોવરોની સંખ્યા લગભગ એકસો છે. હિમાલયમાં ત્રણ હજાર ગુફા છે.

હિમાલય વિશ્વનાં છ રાષ્ટ્રોમાં ફેલાયેલો છે - ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, તિબેટ, નેપાળ અને ભુતાન.

હિમાલય ભારતનાં છ રાજ્યોમાં ફેલાયેલો છે - જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, સિક્કિમ, મેઘાલય અને અરુણાચલ.

આવા મહાન અને ગહન હિમાલય વિશે ગમે તેટલું લખીએ તો પણ ઓછું જ છે. તો કહો, મારે હિમાલય વિશે લખવું પડે ને!

અમારે મન હિમાલય પર્વતમાળા નથી. હિમાલય તો અમને દેવભૂમિ લાગે છે.

શિવજીનો દિવ્યલોક તો કૈલાસધામ છે. પૃથ્વી પર કૃપા કરીને શિવજીએ પોતાના દિવ્યલોક કૈલાસધામનો એક ટુકડો પૃથ્વી પર મોકલ્યો અને પૃથ્વી પર જડી દીધો. તે જ છે આપણો - હિમાલય!

અમારું ચાલે તો અમે હિમાલયમાં જ રહીએ, પરંતુ બધું આપણું ચાલતું નથી. આપણે બધું જ આપણી ઇચ્છા પ્રમાણે કરી કે પામી શકતા નથી. તેથી અને તદ્નુસાર અમારે વારંવાર હિમાલય જવું પડે છે.

હિમાલય અમારું માદરે વતન છે. ગુજરાતમાં અમે આગંતુક માનવી તરીકે રહીએ છીએ. પૃથ્વી પર ગમે ત્યાં રહીએ માદરે વતન તરફ પ્રીતિ અને આકર્ષણ રહે જ છે. તેથી અમે હિમાલય વારંવાર જઈએ છીએ અને હિમાલય વિશે અપરંપાર લખીએ છીએ.

આ ગ્રંથ 'ગહન હિમાલય'માં અમે હિમાલયનાં કેટલાંક ગહન ગુપ્ત સ્થાનો વિશે લખ્યું છે. અમને આશા છે કે અમારા આ લેખનકાર્યથી અમારા

હિમાલયદાદા અમારા પર પ્રસન્ન થશે અને અમને વારંવાર પોતાની ગોદમાં રહેવા માટે બોલાવશે.

હિમાલયદાદા! આ જન્મે તો અમે તમારી ગોદમાં કાયમી ધોરણે ન રહી શક્યા પરંતુ આવતા જન્મે તો તમારે મને તમારી ગોદમાં આશ્રય આપવાનો છે! અને કાયમી ધોરણે તમારી ગોદમાં જ રહેવાનું છે.

આ ગ્રંથની રચનામાં અમને અનેક મહાનુભાવો અને ગ્રંથો દ્વારા ઘણી સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

અને સૌથી અધિક અમે હિમાલયદાદાને વારંવાર પ્રણામ કરીએ છીએ.

સૌનો આભાર!

સૌને વંદન

**– ભાણદેવજી**

૭

# કૈલાસ પરિક્રમા

કૈલાસ! હા, કૈલાસધામ!

આ કૈલાસધામ શિવજીનું નિવાસસ્થાન છે!

ઐ કૈલાસધામ શિવ-પાર્વતીનું લીલાસ્થાન ન ગણાય?

ના, લીલાસ્થાન ન ગણાય. શિવજી લીલાપુરુષ નથી, સમાધિપુરુષ છે.

પણ કાલિદાસે 'કુમારસંભવ'માં શિવ-પાર્વતીની લીલાનું વર્ણન કર્યું જ છે. હા, કર્યું છે, પરંતુ તેથી જ કલિદાસને કોઢ નીકળ્યો હતો!

તો શું કહેવું?

આમ કહેવું -

કૈલાસ શિવજીનું નિવાસસ્થાન છે, સમાધિસ્થાન છે, લીલાસ્થાન નહીં! અમે આ શિવજીના સમાધિસ્થાન કૈલાસની તળેટીસમાન દારચેનમાં પહોંચ્યાં. જેમ ગિરનારને જૂનાગઢ તેમ આ કૈલાસને દારચેન!

હજુ ગઈ કાલ સુધી દારચેન થોડાક માલધારીઓના તંબુનું બનેલું સાવ નાનું ગામ હતું, પરંતુ હવે વિશ્વભરનાં યાત્રીઓ - પ્રવાસીઓ કૈલાસની પરિક્રમા માટે આવી રહ્યાં છે. પ્રત્યેક યાત્રીએ યાત્રાના પ્રારંભે અને અંતે દારચેનમાં રોકાણ કરવું જ પડે છે, તેથી હવે અહીં પાકા યાત્રીનિવાસો અને પાકાં મકાનો બન્યાં છે અને વધુ ને વધુ બની રહ્યાં છે. બહુ ઝડપથી દારચેનની કાયાપલટ થઈ રહી છે.

જૂનાગઢની કોઈ ધર્મશાળાના પ્રાંગણમાં બેસીને ગિરનાર દર્શન કરીએ તેમ અમે અહીં દારચેનના અમારા નિવાસસ્થાનેથી કૈલાસનાં દર્શન અનુભવીએ છીએ.

આવતી કાલે સવારે અમે તીર્થરાજ કૈલાસની ત્રણ દિવસની પરિક્રમા માટે નીકળવાનાં છીએ. મોડી રાત સુધી તૈયારીઓ ચાલી. અમારે અમારા સામાનને ત્રણ ભાગમાં વહેંચવાનો છે.

૧. અમારી સાથે રાખવાનો સામાન, જે અમે ઊંચકીને ચાલવાનાં છીએ.

૨. પરિક્રમા દરમિયાન અમારી સાથે રાખવાનો સામાન, જે અમારી સાથેનાં યાક ઊંચકવાનાં છે.

૩. અહીં દારચેનના અમારા યાત્રીનિવાસગૃહમાં મૂકી રાખવાનો સામાન. મોડી રાત સુધી સામાન આમ ત્રણ વિભાગમાં વહેંચીને, ત્રણેયને સારી રીતે બાંધીને અમે થોડો આરામ કર્યો અને વહેલી સવારે ઊઠી ગયાં.

આજે તો ઉત્સાહનો પાર નથી. આજથી અમારે કૈલાસની પરિક્રમાનો પ્રારંભ કરવાનો છે!

કૈલાસપરિક્રમા માર્ગ પર થોડે સુધી બસ અમને મૂકવા માટે આવે છે. રસ્તામાં એક સ્થાન આવે છે. આ સ્થાનમાં પથ્થરમાંથી બનાવેલું એક દ્વાર છે. આ દ્વાર કૈલાસ પરિક્રમાનું દ્વાર ગણાય છે. અહીંથી ખરેખર કૈલાસની પરિક્રમાનો પ્રારંભ થાય છે. આ દ્વારને સૌ ‘યમદ્વાર’ કહે છે. કૈલાસ પરિક્રમાના દ્વારને ‘યમદ્વાર’ શા માટે કહેવામાં આવે છે? કોઈકે જેવોતેવો ખુલાસો આપ્યો.

“કૈલાસની પરિક્રમા તો જીવનમરણનો ખેલ છે. જીવતા પાછા અવાય કે ન પણ અવાય, તેથી આ ‘યમદ્વાર’ કહેવાય છે.”

પરંતુ મને આ ખુલાસો પ્રતીતિકર ન લાગ્યો. મેં અમારા ગાઇડ પેન્ચોંગને પૂછ્યું. તેણે સાચો ખુલાસો આપ્યો -

“તમારી શંકા સાચી છે, સ્વામીજી! ખરેખર આ ‘યમદ્વાર’ નથી, પણ ‘શિવદ્વાર’ છે. યમદ્વાર તો આ સામેના પહાડની ઉપર છે. આ વિસ્તારમાં અહીંતહીં વિચરતાં માલધારી (nomads) લોકો પોતાના મૃત સ્વજનના અંતિમસંસ્કાર આ પહાડની ઉપર કરે છે. તેઓ મૃતદેહના ટુકડા કરીને પક્ષીઓને ખવડાવે છે. એક

વાર બે યુરોપિયન સાથે હું ઉપર ગયો હતો. ઉપર માનવઅસ્થિના ઢગલા છે. તે ઉપરના સ્થાનનું નામ 'યમદ્વાર' છે. આ તો શિવદ્વાર છે. લોકોએ ઉપરના સ્થાનનું નામ 'યમદ્વાર' ને આ નીચેના સ્થાનને 'શિવદ્વાર'નામ આપી દીધું છે."

મને અમારા ગાઇડ પેન્ચોંગનો આ ખુલાસો બરાબર લાગ્યો.

અમારી બસ આ કૈલાસ પરિક્રમાના દ્વારસમા 'શિવદ્વાર' પાસે અટકી, અમે શિવદ્વારની પરિક્રમા કરી અને તેમાંથી પસાર પણ થયાં. બસ આગળ ચાલી. એક સ્થાને અટકી. અહીંથી બસ પાછી ફરશે. અહીંથી પગપાળા યાત્રાનો પ્રારંભ થાય છે.

અમારી બસ અમને એક નાની નદીને કિનારે છોડીને ચાલી ગઈ, આ નદી કૈલાસ પર્વતમાંથી નીકળે છે અને રાક્ષસતાલને મળે છે. કૈલાસ પર્વતમાંથી ત્રણ નદીઓ નીકળે છે - લર છૂ, દારચેન છૂ અને તોંગ છૂ. આ ત્રણેય નદીઓ રાક્ષસતાલને મળે છે. કૈલાસ પર્વતના પાણીનો કોઈ પ્રવાહ માનસરોવરમાં મળતો નથી.

અમે જે નદીને કિનારે ઊભા છીએ તે 'લર છૂ' છે.

નદીનો પ્રવાહ નાનો છે. સહેલાઈથી સામે કિનારે પહોંચી શકાય. નદીને બંને કિનારે રેતીમાં અહીંના સ્થાનિક નિવાસીઓ બેઠા છે. તેમની સાથે તેમના ઘોડા અને યાક પણ છે. કોઈકોઈ કાંઈક આરોગી રહ્યા છે અને કોઈક કાંઈક. સંભવતઃ શરાબ પી રહ્યા છે. સાવ પ્રાથમિક અવસ્થામાં જીવતા આ લોકો કૈલાસ, માનસરોવર અને રાક્ષસતાલની આજુબાજુમાં વિચરતાં-વિચરતાં જીવનાર માલધારી લોકો (nomads) છે. એસ્કિમોનું કોઈ ટોળું અહીં આવી ગયું હોય તેમ લાગે છે.

કોણ હશે આ લોકો? બહુ મોડેમોડે ખબર પડી કે આ લોકો તો અમારી સાથે કૈલાસ પરિક્રમામાં ઘોડાવાળા, યાકવાળા અને મજૂરો તરીકે આવનારા અહીંના સ્થાનિક નિવાસીઓ છે.

અમારી પરિક્રમા ટુકડીના બધા સભ્યો હજુ આવ્યા નથી. અમારો ગાઇડ પેન્ચોંગ પણ હજુ આવ્યો નથી. અમે તેમની વાટ જોઈને બેઠાં છીએ.

અહીં નદીને સામે કિનારે થોડી ઊંચાઈ પર એક ગોમ્પા છે. ગોમ્પા એટલે તિબેટિયન બૌદ્ધ ધર્મના સાધુઓ અર્થાત્ લામાઓનો આશ્રમ. આ અહીં સામે

જ દેખાતા ગોમ્પાને છૂ ગુ ગોમ્પા કહે છે. આ ગોમ્પા અમિતાભ બુદ્ધનો ગોમ્પા ગણાય છે. ભુતાનમાં બૌદ્ધ ધર્મની એક શાખા છે. આ શાખાને 'કન્યુબા સેક્ટ' કહેવામાં આવે છે. અહીંનો આ 'છૂ ગુ' ગોમ્પા આ ભુતાનના કન્યુબા સેક્ટ'નો ગોમ્પા છે. કન્યુબા સેક્ટનું આ એક કેન્દ્ર છે.

અમે ક્વચિત્ ગોમ્પામાં, ક્વચિત્ નદીકિનારે ફરીને અને બેસીને સમય પસાર કરીએ છીએ. આખરે સૌ એકઠાં થઈ ગયા. મજૂરો અને ઘોડાવાળાઓ પણ તૈયાર થઈ ગયા.

કોની સાથે કોણ ઘોડાવાળો અને કયો મજૂર તે ચિઠ્ઠીઓ દ્વારા નક્કી થયું.

મોટાભાગના મજૂરો શરાબના નશામાં છે. અમારામાંનાં એક બહેનના મજૂરે એટલો પીધો છે કે તેના પગ જમીન પર સ્થિર રહી શકતા નથી. બહેન કાંઈક ગભરાયાં અને લગભગ ચીસ પાડીને મને કહેવા લાગ્યાંઃ

"સ્વામીજી! આપ કાંઈક કરો! આ જુઓ! આણે કેટલો પીધો છે! તેના પગ ધરતી પર સ્થિર રહેતા નથી. આની સાથે મારે કેવી રીતે ચાલવું?"

મેં અમારા ગાઇડને બોલાવ્યો અને તે બહેનની સમસ્યાની તેને જાણ કરી, ગાઇડે કહ્યુંઃ

"બહેન! આપ નચિંત રહો. આ લોકો અઠંગ શરાબી છે. ગમે તેટલો શરાબ પીએ તોપણ તેઓ છાકટા કદી નહીં બને. તેમના પગ ભલે લથડે, પરંતુ મન કદી નહીં લથડે. આપ નચિંત રહો અને તમારો સામાન તેમને સોંપી દો."

આમ, અમારા કાફલાની કૈલાસ પરિક્રમાનો પ્રારંભ થયો.

આજે અમારે દેરાફૂક પહોંચવાનું છે અને ત્યાં જ રાત્રિનિવાસ કરવાનો છે. આમ, દેરાફૂક કૈલાસ પરિક્રમાનો પ્રથમ પડાવ છે.

અમે બપોરે 3ઃ00 વાગ્યે દેરાફૂકના અમારા નિવાસગૃહમાં પહોંચી ગયાં. કૈલાસ પરિક્રમા માર્ગમાં બે સ્થાન એવાં છે, જ્યાંથી કૈલાસ પર્વતની સાવ નજીક પહોંચી શકાય છે. દારચેનથી અષ્ટાપદ મોટર દ્વારા પહોંચી શકાય છે. અષ્ટાપદથી એક પગવાટ દ્વારા નંદી પર્વત સુધી પહોંચી શકાય છે, જ્યાંથી કૈલાસ સાવ નજીક છે. આવું બીજું સ્થાન આ દેરાફૂક છે. અહીંથી એક હિમનદીને કિનારેકિનારે એક પગદંડીને માર્ગે કૈલાસ પર્વતની નજીક પહોંચી

શકાય. સામાન્ય રીતે એમ મનાય છે કે કૈલાસની પરિક્રમા થઈ શકે, પરંતુ કૈલાસનો સ્પર્શ ન થઈ શકે. કૈલાસની ચારે બાજુ હિમાચ્છાદિત પર્વતો અને પુષ્કળ હિમનદીઓ છે. તેમને અતિક્રમીને કૈલાસ સુધી પહોંચવું અશક્યવત્ છે. આમાં એક અપવાદ છે. કૈલાસ સુધી કે કૈલાસની નજીકમાં નજીક પહોંચવાનો એકમાત્ર વિકલ્પ દેરાફૂકથી કૈલાસ તરફ જતી આ લગભગ અદશ્યમાન પગવાટ છે. અષ્ટાપદથી નંદી પર્વત સુધી પહોંચી શકાય છે, પરંતુ ત્યાંથી કૈલાસ તરફ આગળ જઈ શકાય નહીં તેથી કૈલાસ સુધી પહોંચવાનો અને કૈલાસનાં ચરણોનો સ્પર્શ કરવાનો એકમાત્ર માર્ગ આ દેરાફૂકથી જતી પગદંડી છે.

અમારામાંથી ચારપાંચ યાત્રીઓએ આ પગદંડી પર ચાલવાનું શરૂ કર્યું. સાવ કૈલાસ સુધી પહોંચાય કે ન પહોંચાય, જેટલે પહોંચાય તેટલે પહોંચવું.

હવામાન અનુકૂળ છે. આકાશ સ્વચ્છ, નિરભ્ર છે. બે પર્વતોની વચ્ચે મહામહિમ કૈલાસનાં દર્શન થાય છે. આ બંને પર્વતો જાણે કૈલાસના દ્વારપાળ હોય તેમ લાગે છે. એકાદ કિમી. ચાલીએ એટલે એક હિમનદી આવે છે. આ હિમનદી બંને દ્વારપાળોની વચ્ચેથી પસાર થઈને નીચે સુધી ફેલાયેલી છે.

આગળ ચાલતાં એક વિશાળ કદની શિલા જોઈ. જાણે મને પોતાના પર આસનસ્થ થવા નિમંત્રિત કરી રહી છે. હું તેના પર આસનસ્થ થયો.

અહીંથી કૈલાસના ભવ્યાતિભવ્ય સ્વરૂપનાં દર્શન થઈ રહ્યાં છે. અહીંથી હિમમંડિત ઉત્તુંગ કૈલાસ સાવ નજીક અનુભવાય છે, જાણે હાથ લાંબો કરીએ તો ચરણસ્પર્શ થઈ જાય!

કોણ છે આ કૈલાસ, જેનાં દર્શન માટે હજારો વર્ષથી લાખો હિન્દુઓ, બૌદ્ધો અને જૈનો અહીં આવે છે? દર્શન જ નહીં, પરિક્રમા પણ કરે છે અને કોઈક વિરલા સ્પર્શ પણ પામે છે!

બહિરંગ દષ્ટિથી જોઈએ તો કૈલાસ 'માંગડીસ પર્વતમાળા'નું સૌથી ઊંચું શિખર છે. તેની ઊંચાઈ 6714 મીટર છે. તેનો આકાર શિવલિંગ જેવો છે. તેનો ઉપરનો ભાગ હંમેશાં હિમાચ્છાદિત જ રહે છે. આજ સુધી આ પર્વતશિખર અપરાજિત છે. કોઈ કાળા માથાનો માનવી તેના મસ્તક પર પગ મૂકી શક્યો નથી. જેમણે તેમના મસ્તક પર પગ મૂકવાનો પ્રયત્ન કર્યો છે તેઓ સૌ કૈલાસવાસી થયા છે.

હિમાલયમાં સાત કૈલાસ છે :

૧. કૈલાસધામ

૨. બાબા કૈલાસ

૩. મણિમહેશ કૈલાસ

૪. શ્રી કૈલાસ

૫. શ્રીકંઠ કૈલાસ

૬. કિન્નર કૈલાસ

૭. આદિ કૈલાસ (છોટા કૈલાસ)

આમાંના પ્રથમ બે તિબેટમાં છે અને બાકીના પાંચ ભારતમાં છે. પ્રથમ કૈલાસ, આ કૈલાસધામ જ મૂળ કૈલાસ છે, પ્રધાન કૈલાસ છે. બાકીના છ કૈલાસ તો તેના થકી કૈલાસ છે, તેમના અનુકરણકાર અનુયાયીઓ છે.

પરંતુ આ તો થયું કૈલાસનું આધિભૌતિક સ્વરૂપ, જે કૈલાસનાં અમે અને સૌ સ્થૂળ ચક્ષુથી દર્શન કરી શકીએ છીએ.

શું કૈલાસ આટલો જ છે? શું આ આધિભૌતિક સ્વરૂપમાં જ તેની ઇતિશ્રી છે? આ સ્વરૂપથી અતિરિક્ત બીજું કાંઈ કૈલાસમાં નથી?

આ ઇંદ્રિયગમ્ય જગતથી પાર બીજું એક-એક નહીં અનેક જગત છે. આ ઇંદ્રિયાતીત વિશ્વ આપણા આ સ્થૂળ જગતથી નાનું નથી ઘણું મોટું છે.

કૈલાસના આ સ્થૂળ, આધિભૌતિક સ્વરૂપથી પર, તેનાથી અતિરિક્ત કૈલાસનું એક આધિદૈવિક સ્વરૂપ પણ છે અને આધ્યાત્મિક સ્વરૂપ પણ છે જ. એમ ન હોય તો કૈલાસ શિવ-પાર્વતીનું નિવાસસ્થાન કેવી રીતે? એમ ન હોય તો આ કૈલાસ તીર્થાધિરાજ કેવી રીતે? એમ ન હોય તો કૈલાસનાં દર્શન અને પરિક્રમાનો આટલો મહિમા શા માટે?

ગોસ્વામી તુલસીદાસજી કૈલાસનો મહિમા વર્ણવતાં 'રામચરિતમાનસ'માં કહે છે :

*परम रम्यं गिरिवर कैलासू । सदा जहाँ सिव उमा निवासू ।*
*सिद्ध तपोधन जोगिजन सुर किनर मुनि वृंद ।*

*बसहि तहाँ सुकृती सकल सेवहिं सिव सुखकंद ॥*
*हरिहर बिमुखधर्म रति नाहीं । ते नर तहँ सपनेहुँ नहीं जाहीं ॥*

'શ્રીમદ્ ભાગવત'માં કૈલાસને મનુષ્યેતર દેવોનું નિવાસસ્થાન ગણવામાં આવેલું છેઃ

*जन्मौषधि तपोमन्त्र योगसिद्धैनरितरैः ।*
*जुष्टं किन्नर गन्धवैर्प्सरोभिर्वृतं सदा ॥*

*– श्रीमद् भागवत : ४/६/९*

"જન્મ, ઔષધિ, મંત્ર અને યોગ દ્વારા સિદ્ધ થયેલાં માનવેતર દેવો, કિન્નરો, ગંધર્વો અને અપ્સરા આદિથી આ પર્વત સદા સેવિત છે."

'સ્કન્દપુરાણ'ના કાશીખંડના ૧૩મા અધ્યાયમાં તથા 'હરિવંશ' (દાક્ષિણાત્ય પાઠ)ના 202મા અધ્યાયમાં કૈલાસને ભગવાન વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયાનું કહેલ છે.

ક્યાં છે આ આધિદૈવિક કૈલાસ? ક્યાં છે આ આધ્યાત્મિક કૈલાસ?

આ દિવ્ય કૈલાસ ભૌતિક જગતના કોઈ પણ સ્થાનમાં નહીં જ મળે. આ દિવ્ય કૈલાસ ચતુર્થ પરિમાણમાં છે, અગિયારમી દિશામાં છે.

આ ચતુર્થ પરિમાણમાં કે અગિયારની દિશામાં જવાનો માર્ગ ક્યાંથી મળે છે? આ માર્ગ અંદરથી મળે છે!

ભગવાન શિવ અને ભગવતી પાર્વતી કૈલાસમાં વસે છે. ક્યાં છે આ કૈલાસ? આ દિવ્ય કૈલાસ અને આપણા પૃથ્વીલોકના કૈલાસ વચ્ચે શો સંબંધ છે? નિશ્ચિત રૂપે તેમની વચ્ચે સંબંધ છે, અન્યથા અમે અહીં આવ્યા શા માટે?

અહીંથી, આ આધિભૌતિક કૈલાસમાં આવીને તે દિવ્ય કૈલાસ સુધી પહોંચવું સરળ છે, કારણ કે બંને વચ્ચે એક સૂક્ષ્મ તંતુ છે, પરંતુ રસ્તો અંદર થઈને જાય છે. સમજાય છે?

પાછળ કોઈનો પદરવ સંભળાયો. મારી સાથેના યાત્રીઓ છે. આવીને બોલ્યાં-

"ઓમ્ નમઃ શિવાય!"

"ઓમ નમઃ શિવાય!"

"સ્વામીજી! અમે કૈલાસ તરફ આગળ જઈએ છીએ. આપ પણ ચાલો." હું મૌન સેવી રહ્યો. તેઓ આગળ ચાલ્યાં.

મારે પણ કૈલાસ તરફ આગળ જવું છે. હા, પણ તે કૈલાસનો માર્ગ અંદરથી આગળ જાય છે.

નિરભ્ર આકાશ... તેજપુંજ ભગવાન સવિતાનારાયણ...હિમમંડિત કૈલાસ... સર્વત્ર પ્રકાશ... પ્રકાશ... બહાર અને અંદર... અંદર અને બહાર... સર્વત્ર પ્રકાશ, થોડાં અશ્રુ અને પછી બધું જ શાંત! હા, અહીંથી જ રસ્તો જાય છે દિવ્ય કૈલાસધામ તરફ અને સામે જ છે ભગવાન શિવ અને ભગવતી પાર્વતી!

મનને જાણ ન થાય તેમ સમય પસાર થઈ ગયો. આ સમય શું છે? ક્વચિત્ મન ક્ષણક્ષણનો હિસાબ રાખે છે અને ક્વચિત્ કલાક પસાર થાય અને મનને જાણ પણ ન રહે! હા, મન છે તો સમય છે, મન નથી તો સમય ક્યાં છે?

કૈલાસ તરફ ગયેલાં યાત્રીઓ પાછાં ફરી રહ્યાં છે. કોઈ કહે છે -

"સાથે ચાલશો?"

...પણ સાથે ચાલવું કેવી રીતે? આ રસ્તા પર એકલા જ ચાલવું પડે છે.

તેઓ ગયાં.

એકલા જ ચાલવાનું શરૂ થયું.

હિમનદીના કિનારે અમારા સંઘનાં જ એક બહેન બેઠાં હતાં.

"ઓમ્ નમઃ શિવાય" હોઠ પર આવીને અટકી ગયા. અશ્રુધારાયુક્ત તેમની ભાવવિભોર અવસ્થામાં "ઓમ્ નમઃ શિવાય" પણ બાધારૂપ બની શકે.

દેરાફૂકના અમારા નિવાસસ્થાનની સામેના પહાડમાં એક ગોમ્પા દેખાય છે. સામે જ ગોમ્પા હોય અને અમે ન જઈએ, એવું તો બને જ કેમ? અમે ચાર મિત્રો ઊપડ્યા. વચ્ચે જ નદી છે. નદી સાવ નાની જણાય છે. પણ આ હિમાલયની નદી છે. નદી ઊતરવાનો પ્રયત્ન કર્યો ત્યારે ખબર પડી બાપ રે! મહામહેનતે અને ઘણા જોખમે નદી પાર કરી. મનમાં ને મનમાં આક્રોશ પણ વ્યક્ત કર્યો. અહીં આ બાજુ કૈલાસ પરિક્રમાનો માર્ગ છે, યાત્રીનિવાસગૃહ છે અને સામે કિનારે, સામેના પહાડમાં આવો સરસ ગોમ્પા છે, તો આ નાની નદી પર નાનોસરખો પુલ કેમ બનાવતા નથી?

આખરે અમે ગોમ્પામાં પહોંચ્યા. લગભગ બધા જ ગોમ્પામાં હોય છે, તેમ અહીં પણ બારીઓનો લગભગ અભાવ છે. આવા ઠંડા પ્રદેશમાં બારીઓ મૂકવાનો વિચાર કોને આવે? બારીઓના અભાવને કારણે ગોમ્પામાં અંધારું છે, પણ ભગવાન બુદ્ધની સામે પ્રજ્વલિત મીણબત્તીઓ અને દીપકો ગોમ્પાના અંધકારને હળવો બનાવે છે.

આ ગોમ્પાનું નામ દેરાફૂક ગોમ્પા છે. ગોમ્પાના આ નામ પરથી જ આ સ્થાનને દેરાફૂક કહેવામાં આવે છે. દેરાફૂક નામનું કોઈ ગામ નથી. અહીં આ યાત્રીનિવાસગૃહ અને આ ગોમ્પા સિવાય બીજું કાંઈ નથી. યાત્રીનિવાસગૃહ તો હમણાં બન્યું છે, એટલે આ દેરાફૂક ગોમ્પા જ અહીંનું પ્રાચીન અને મુખ્ય સ્થાન છે.

આ દેરાફૂક ગોમ્પાના સ્થાપકનું નામ માસ્ટર ગોસંબા લામા છે. તિબેટિયન બુદ્ધિઝમ અર્થાત્ લામા ધર્મનો 'કજ્યુબા' નામનો એક સંપ્રદાય છે. દેરાફૂક ગોમ્પા કજ્યુબા સંપ્રદાયનો ગોમ્પા છે. આ સંપ્રદાયનો પ્રારંભ તિબેટના મહાન સિદ્ધ યોગી મિલારેપાના ગુરુ અને તેવા જ મહાન સિદ્ધ યોગી મારપા દ્વારા થયો છે. આ ગોમ્પાના વર્તમાન વડા લામા રામ્બોચે છે. તેઓ અહીં હાજર નથી. અમે અહીં આવીને જાણ્યું કે લામા રામ્બોચે કૈલાસની પરિક્રમા માટે ગયા છે. ભગવાન કરે ને અમને ક્યાંક રસ્તામાં મળી જાય!

અહીં શાક્યમુનિ (ભગવાન બુદ્ધ) અવલોકિતેશ્વર તિબેટના રક્ષક અને ઇષ્ટદેવ) અને પદ્મસંભવતિબેટના પ્રથમ ગુરુ)નાં સુંદર અને વિશાળ ચિત્રો છે. બીજાં ચિત્રો પણ છે. ધ્યાનાભ્યાસ માટે સુંદર ગુફાઓ છે.

મેં એક લામાને 'તંજૂરકંજૂર' વિશે પૂછ્યું. તેઓ રાજીરાજી થઈ ગયા અને આશ્ચર્યચકિત પણ થઈ ગયા. આશ્ચર્યથી પહોળી થઈ ગયેલી આંખો વધુ પહોળી કરીને મને પૂછ્યું

"અરે! આપને તંજૂરકંજૂરની જાણ કેવી રીતે થઈ?" તેઓ મને એક ખાસ કમરામાં લઈ ગયા. તેમણે ભારે ઉમંગ અને આનંદથી તંજૂરકંજૂરનાં દર્શન કરાવ્યાં. તંજૂરકંજૂર તિબેટિયન બૌદ્ધ ધર્મનો મુખ્ય ગ્રંથ છે અને તેના 120 ભાગ છે.

સૂર્યાસ્ત થઈ ગયો છે. અંધારામાં નદી પાર કરવામાં મુશ્કેલી પડે, એ ગોમ્પાના લામાઓને 'ઓમ મણિપદ્મે હૂંમ્' કહીને નીકળ્યા. લામાએ ગોમ્પાની બહાર